ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ I e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ અંક : ૧૪ * * * સંવત ૨૦૮૨ માગશર વદ અગિયારસ, સોમવાર ૧૫ ડિસેમ્બર, ૨૦૨૫ * * * દૈનિક : ૮૯ પાનાં ૧૨+૮ કિંમત ₹ ૫.૦૦

સિડનીના બીચ પર બે બંદુકબાજોએ 12ની હત્યા કરી

સિડની શહેરના બોન્ડી બિચ પર યહુદીઓના હનુક્કાહ તહેવાર પર બે બંદૂકધારીઓ ત્રાટક્યા

હુમલામાં 29 ઘાયલ, એક હુમલાખોર ઠાર મરાયો, બીજો પકડાયો, સત્તાધીશોએ ત્રાસવાદી હુમલો ગણાવ્યો

સિડની, તા. 14 (AP): સિડની શહેરના બોન્ડી બીચ પર ચાલી રહેલા એક યહુદી કાર્યક્રમમાં બે બંદૂકધારીઓએ ગોળીબાર કરતા ઓછામાં ઓછા 12 લોકો માર્યા ગયા હતા. ઓસ્ટ્રેલિન સત્તાવાળાઓએ આ હુમલાને ત્રાસવાદી હુમલો ગણાવ્યો છે. એક બંદૂકબાજને પોલીસે ઠાર માર્યો હતો જ્યારે બીજો ઈજાઓ સાથે જીવતો પકડાયો હતો.

પકડાયેલ શકમંદ પણ કટોકટ હાલતમાં છે એમ સત્તાવાળાઓએ જણાવ્યું હતું. એક વ્યાપક ઈમરજન્સી રિસ્પોન્સની કામગીરી શરૂ કરવામાં આવી હતી અન ઈજાગ્રસ્ત લોકોને એમ્બ્યુલન્સોમાં લઈ જવામાં આવી રહ્યા હતા. આ અહેવાલ મોકલાયા ત્યારે પણ કામગીરી ચાલુ હતી. સિડની જેમાં આવેલું છે તે ન્યુ સાઉથ વેલ્સ રાજ્યના પોલીસ કમિશનર માલ લેન્યોને જણાવ્યું હતું કે, ઓછામાં ઓછા 29 લોકો ઘાયલ થયા છે. ઘાયલ થયેલા લોકોમાં બે પોલીસ અધિકારીઓ છે. આ હુમલો સિડનીના યહૂદી સમુદાયને નિશાન બનાવવા માટે કરવામાં આવ્યો હતો એમ રાજ્યના પ્રીમિયર ક્રિસ મિન્સે જણાવ્યું હતું. આ હત્યાકાંડને આતંકવાદી હુમલો જાહેર કરવામાં આવ્યો છે, કારણ કે આ કાર્યક્રમને ખાસ નિશાન બનાવાયો હતો અને તેમાં શસ્ત્રોનો ઉપયોગ કરાયો હતો. બોન્ડી બીચ પર ચાનુકાહ બાય ધ સી નામના એક કાર્યક્રમ માટે સેંકડો લોકો એકઠા થયા હતા, જે યહૂદી તહેવાર હનુક્કાહની ઉજવણીની શરૂઆત તરીકે યોજવામાં આવ્યો હતો.

ઓસ્ટ્રેલિયન ટેલિવિઝન ચેનલો પર પ્રસારિત થયેલા નાટકીય ફૂટેજમાં દેખીતી રીતે જાહેર જનતાના એક સભ્ય દ્વારા ફિલ્માવવામાં આવેલા એક દ્રશ્યમાં જોઈ શકાતું હતું કે એક બહાદુર વ્યક્તિએ ચપળતાપૂર્વક ધસી જઈને બંદૂકબાજને પાછળથી પકડી લીધો હતો, તેનું શસ્ત્ર છીનવી લીધું હતું અને પછી તે તેના તરફ જ તાકીને તેને કાબૂમાં લીધો હતો. પોલીસે કહ્યું કે તેમનું ઓપરેશન ચાલુ હતું છે અને આસપાસ મળી આવેલી સંખ્યાબંધ શંકાસ્પદ વસ્તુઓ ની તપાસ નિષ્ણાત અધિકારીઓ દ્વારા કરવામાં આવી રહી હતી, જેમાં શંકાસ્પદ વ્યક્તિની કારમાંથી એકમાંથી મળી આવેલ ઈમ્પ્રુવાઈઝ્ડ વિસ્ફોટક ઉપકરણનો પણ સમાવેશ થાય છે. ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થોની આલ્બાનિઝે ઘટના અંગે આઘાત વ્યક્તી કરીને સિડનીના યહુદી સમુદાય પ્રત્યે સહાનુભૂતિ દર્શાવી હતી. . ઓસ્ટ્રેલિયામાં સામૂહિક ગોળીબારમાં મૃત્યુના બનાવ જવલ્લે જ બને છે. 1996 માં પોર્ટ આર્થરના તાસ્માનિયન શહેરમાં થયેલા હત્યાકાંડ, જ્યાં એક બંદૂકધારીએ 35 લોકોની હત્યા કરી હતી, જેના પછી સરકારે બંદૂકના કાયદા ખૂબ કડક બનાવ્યા હતા અને લોકો માટે બંદૂક રાખવાનું મુશ્કેલ બન્યું હતું.

સિડનીમાં હુમલાખોરને નિ:શસ્ત્ર વ્યક્તિએ ઝડપીને લોકોના જીવ બચાવ્યા, વીડિયો વાયરલ

સિડની, તા. 14 : સિડનીના બોન્ડી બીચ પર રવિવારે સાંજે લગભગ 6:30 વાગ્યે (સ્થાનિક સમય) બે બંદૂકધારીઓએ અંધાધૂંધ ગોળીબાર કર્યો ત્યારે અફરાતરફરી મચી ગઈ હતી. આ દરમિયાન એક હિંમતવાન વ્યક્તિએ ઝાડ પાછળ છુપાયેલા એક બંદૂકધારીને પકડીને નીચે પાડી દીધો અને તેની રાઈફલ આંચકી લઈને તેના પર જ તાકી દીધી. આ

...અનુસંધાન પાના 2 પર

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઓસ્ટ્રેલિયામાં થયેલા આતંકવાદી હુમલાની નિંદા કરી

નવી દિલ્હી. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે ઓસ્ટ્રેલિયામાં થયેલા આતંકવાદી હુમલાની નિંદા કરી છે અને આ દુઃખની ઘડીમાં તે દેશના લોકો સાથે એકતા વ્યક્ત કરી છે. વડા પ્રધાને કહ્યું, ''ઓસ્ટ્રેલિયાના બોન્ડી બીચ પર આજે થયેલા ભયાનક આતંકવાદી હુમલાની હું સખત નિંદા કરું છું, જેમાં યહૂદી તહેવાર હનુક્કાહના પહેલા દિવસની ઉજવણી કરી રહેલા લોકોને નિશાન બનાવવામાં આવ્યા હતા.'' મોદીએ કહ્યું, ''ભારતના લોકો વતી હું એ પરિવારો પ્રત્યે મારી નિષ્ઠાપૂર્વક સંવેદના વ્યક્ત કરું છું જેમણે પોતાના પ્રિયજનો ગુમાવ્યા છે. આ દુઃખના સમયમાં અમે ઓસ્ટ્રેલિયાના લોકો સાથે ઊભા છીએ.'' વડા પ્રધાનએ કહ્યું કે, ભારત આતંકવાદ પ્રત્યે 'શૂન્ય સહિષ્ણુતા' ધરાવે છે અને તેના તમામ સ્વરૂપો અને અભિવ્યક્તિઓ સામેની લડાઈને સમર્થન આપે છે. સિડનીના બોન્ડી બીચ પર યોજાઈ રહેલા એક યહૂદી કાર્યક્રમમાં બે બંદૂકધારીઓએ ઓછામાં ઓછા ૧૧ લોકોની ગોળી મારીને હત્યા કરી નાખી હતી. ઓસ્ટ્રેલિયન અધિકારીઓએ તેને આતંકવાદી હુમલો જાહેર કર્યો છે.

બોન્ડી બીચ હૂમલાખોરમાંથી એકની ઓળખ નવીદ અકરમ તરીકે થઈ

સિડની, તા. 14 : સિડનીના બોન્ડી બીચ પર થયેલા જીવલેણ સામૂહિક ગોળીબારમાં સંડોવાયેલા બંદૂકધારીઓમાંના એકની ઓળખ 24 વર્ષીય નવીદ અકરમ તરીકે કરવામાં આવી છે. તાજેતરના વર્ષોમાં ઓસ્ટ્રેલિયાના સૌથી ઘાતક હુમલાઓમાંના એકની તપાસ ચાલુ છે. સિડનીના બોનીરિગમાં અકરમના ઘરે પોલીસે દરોડા પાડ્યા છે. ન્યૂ સાઉથ

...અનુસંધાન પાના 2 પર

પ્રસિદ્ધ લેખક રસ્કિન બોન્ડ દહેરાદૂનની હોસ્પિટલમાં દાખલ

દેહરાદૂન, તા. 14 (PTI) : લેખક રસ્કિન બોન્ડને પગની સમસ્યાને કારણે દહેરાદૂનની એક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. એમ લેખકના એક નજીકના મિત્રએ રવિવારે અહીં જણાવ્યું હતું.

બોન્ડને હોસ્પિટલમાં મળ્યા બાદ દહેરાદૂનના જાણીતા પ્રકાશક ઉપેન્દ્ર અરોરાએ જણાવ્યું હતું કે, વૃદ્ધ લેખક યોગ્ય રીતે ચાલી શકતા ન હતા, જેના પગલે તેમને શનિવારે અહીં એક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પદ્મ ભૂષણ મેળવનાર ૯૧ વર્ષીય બોન્ડ મસૂરીના લેન્ડોર વિસ્તારમાં રહે છે. અરોરાએ કહ્યું હતું કે, બોન્ડ તબીબી દેખરેખ હેઠળ ફિઝિયોથેરાપી કરાવી રહ્યા છે અને બેથી ત્રણ દિવસમાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવશે.

અરોરાએ કહ્યું હતું કે, ''કંઈ ગંભીર વાત નથી.'' બોન્ડે ૫૦૦થી વધુ ટૂંકી વાર્તાઓ, નિબંધો અને નવલકથાઓ લખી છે, જેમાંથી ૬૯ પુસ્તકો બાળકો માટે છે. ૧૯૯૨માં તેમને 'અવર ટ્રીઝ સ્ટિલ ગ્રો ઈન દેહરાદૂન' માટે સાહિત્ય અકાદમી પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો.

લિયોનલ મેસીના કોલકાતા કાર્યક્રમના મુખ્ય આયોજકને 14 દિવસની કસ્ટડી

કોલકાતા સ્ટેડિયમ ધમાલ : તપાસ સમિતિએ ઘટના સ્થળે જઇને જાત નિરીક્ષણ કર્યું

બંગાળના ગવર્નરે પણ સ્ટેડિયમની મુલાકાત લીધી, જ્યુડિશ્યલ તપાસની હાકલ કરી

કોલકાતા, તા. 14 (PTI): રવિવારે અહીંની એક કોર્ટે સોલ્ટ લેક સ્ટેડિયમમાં લિયોનેલ મેસ્સી ફૂટબોલ ઈવેન્ટના મુખ્ય આયોજક સતાદ્રુ દત્તાને ૧૪ દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલી દીધા છે, જે સ્ટેડિયમ પર એક દિવસ પહેલા અંધાધૂંધી ફેલાઈ હતી, એમ એક અધિકારીએ જણાવ્યું હતું.

શનિવારે કોલકાતા એરપોર્ટ પરથી દત્તાની ગેરવ્યવસ્થા માટે બિધાનનગર પોલીસે ધરપકડ કરી હતી, જ્યાં તેઓ મેસ્સી અને તેમના સાથીઓને વિદાય આપવા ગયા હતા. દત્તા તરફથી હાજર રહેલા વકીલે કોર્ટને જણાવ્યું હતું કે તેમના અસીલને ભોગ બનાવવામાં આવી રહ્યા છે અને ફસાવવામાં આવી રહ્યા છે. અમે અપેક્ષા રાખીએ છીએ કે આગામી ૧૪ દિવસમાં પોલીસ તપાસ સ્પષ્ટતા લાવશે એમ દત્તાના વકીલે જણાવ્યું હતું. જ્યારે

...અનુસંધાન પાના 2 પર

ભાજપ નેતા સુવેન્દુએ મેસી ઇવેન્ટમાં થયેલી અંધાધૂંધીની કોર્ટ-નિયંત્રિત તપાસની માગ કરી

કોલકાતા. પશ્ચિમ બંગાળના વિરોધ પક્ષના નેતા સુવેન્દુ અધિકારીએ રવિવારે અહીં સોલ્ટ લેક સ્ટેડિયમમાં આર્જેન્ટિનાના ફૂટબોલ આઇકોન લિયોનેલ મેસ્સીના કાર્યક્રમ દરમિયાન થયેલી અંધાધૂંધીની કોર્ટ-નિયંત્રિત તપાસની માંગ કરી છે. અધિકારીએ કહ્યું હતું કે, 2026ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપ સત્તામાં આવ્યા પછી ભગવા પક્ષ ખાતરી કરશે કે મેસ્સી ફરીથી બંગાળ આવે અને યુવા ભારતી ક્રીડાંગણમાં તેના હજારો ચાહકોને તેની ફૂટબોલ કુશળતાથી ખુશ કરે. અગાઉ, અધિકારીએ એક પ્રેસ મીટમાં જણાવ્યું હતું કે, ભાજપા સ્ટેડિયમમાં થયેલી અરાજકતાની તપાસ માટે રાજ્ય સરકાર દ્વારા નિયુક્ત સમિતિને સ્વીકારતી નથી. વિરોધ પક્ષના નેતાએ કહ્યું, ''અમે આ સમિતિને સ્વીકારતા નથી. ફક્ત વર્તમાન ન્યાયાધીશો દ્વારા દેખરેખ હેઠળની તપાસ જ સત્ય બહાર લાવી શકે છે.'' પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ શનિવારે

...અનુસંધાન પાના 2 પર

યુક્રેશ શાંતિ કરારની ચર્ચા કરવા ઝેલેન્સ્કી, અમેરિકી રાજદૂતો બર્લિનમાં ભેગા થયા

અનેક બેઠકો યોજાશે : જો કે શાંતિ કરાર થવા સામે હજી ઘણા અવરોધો છે

યુક્રેનિયન પ્રમુખે નાટોમાં જોડાવાનો આગ્રહ પડતો મૂક્યો, પણ રશિયાને પ્રદેશો સોંપવાની અમેરિકાની દરખાસ્ત ફગાવી

બર્લિન, તા. 14 (AP): યુક્રેનના પ્રમુખ વોલોડીમીર ઝેલેન્સ્કી અને અમેરિકા રાજદૂતો રવિવારે યુક્રેનમાં યુદ્ધનો અંત લાવવા માટે વાટાઘાટોના બીજા રાઉન્ડ માટે બર્લિન પહોંચ્યા છે જ્યારે કે મોસ્કો અને કિવ સંભવિત શાંતિ કરાર અંગેના તેમના સામસામા મંતવ્યોને વળગી રહ્યા છે.

ઝેલેન્સ્કીએ કહ્યું કે યુક્રેનિયન, અમેરિકન અને યુરોપિયન અધિકારીઓ શ્રેણીબદ્ધ બેઠકો કરશે. તેમણે કહ્યું કે તેઓ બર્લિનમાં અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ખાસ દૂત સ્ટીવ વિટકોફ અને ટ્રમ્પના જમાઈ જેરેડ કુશનર સાથે વ્યક્તિગત રીતે મુલાકાત કરશે. વોટ્સએપ ગ્રુપ ચેટ પર ઓડિયો ક્લિપ્સમાં પત્રકારોના પ્રશ્નોના જવાબ આપતા, ઝેલેન્સ્કીએ યુક્રેનને અમેરિકા અને યુરોપિયન સાથીઓ તરફથી એવી મજબૂત ગેરંટી મેળવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો જે નાટો સભ્યોને આપવામાં આવતી ગેરંટી જેવી જ હશે, કારણ કે અમેરિકા અને કેટલાક યુરોપિયન દેશોએ લશ્કરી જોડાણમાં જોડાવાની યુક્રેનની કોશિશને રોકી દીધી હતી.

આ સુરક્ષા ગેરંટીઓ રશિયન આક્રમણના બીજા મોજાને રોકવાની તક છે, એમ તેમણે કહ્યું. આ પહેલેથી જ અમારા તરફથી એક બાંધછોડ છે એમ કહેતા ઝેલેન્સ્કીએ ભાર મૂક્યો હતો કે કોઈપણ સુરક્ષા ખાતરીઓ કાયદેસર રીતે બંધનકર્તા અને અમેરિકા કોંગ્રેસ દ્વારા સમર્થિત હોવી જોઈએ, અને ઉમેર્યું હતું કે તેઓ સ્ટુટગાર્ટમાં યુક્રેનિયન અને અમેરિકા લશ્કરી અધિકારીઓ વચ્ચેની બેઠક બાદ તેમની ટીમ તરફથી અપડેટની અપેક્ષા રાખે છે. તેમણે કહ્યું કે તેઓ સાંજે પછી જર્મન ચાન્સેલર ફ્રેડરિક મેર્ઝ અને સંભવતઃ અન્ય

...અનુસંધાન પાના 2 પર

ઇસરો માર્ચ 2026 સુધીમાં ક્રૂ વગરના ગગનયાન સહિત સાત મિશન લોન્ચ કરશે

ઇસરોના આ સાત મિશનમાંથી એકનું લોન્ચિંગ આવતા અઠવાડિયે થવાની સંભાવના

નવી દિલ્હી, તા. 14 (PTI) : ઇસરોએ આવતા વર્ષે માર્ચ સુધીમાં સાત લોન્ચ મિશનનું આયોજન કર્યું છે, જેમાં સેટેલાઇટ માટે સ્વદેશી ઇલેક્ટ્રિક પ્રોપલ્શન સિસ્ટમ્સ અને ક્વોન્ટમ કી ડિસ્ટ્રિબ્યુશન ટેક્નોલોજીનું પ્રદર્શન કરવા માટેનું એક અને ગગનયાન પ્રોજેક્ટનું પ્રથમ ક્રૂ વગરના મિશનનો સમાવેશ થાય છે. સાત લોન્ચમાંથી પહેલું લોન્ચ આવતા અઠવાડિયે થવાની ધારણા છે.

કેન્દ્રીય મંત્રી જિતેન્દ્ર સિંહે તાજેતરમાં સંસદમાં જણાવ્યું હતું કે, ભારતનું સૌથી ભારે રોકેટ એલવીએમ3 ઇસરોના ન્યૂ સ્પેસ ઇન્ડિયા લિમિટેડ (એનએસઆઈએલ) સાથેના વાણિજ્યિક કરાર દ્વારા યુએસ સ્થિત એએસટી સ્પેસમોબાઇલ માટે બ્લુબર્ડ-6 કોમ્યુનિકેશન સેટેલાઇટને ભ્રમણકક્ષામાં મૂકશે.

માનવ-રેટેડ એલવીએમ3 આવતા વર્ષની શરૂઆતમાં ભારતના માનવ

...અનુસંધાન પાના 2 પર

શેખ હસીનાના નિવેદનો અંગે બાંગ્લાદેશનું ભારતીય રાજદૂતને તેડું

શેખ હસીનાએ પોતાના ટેકેદારોને સરકાર સામે આતંકવાદી પ્રવૃતિ કરવા કહ્યાનો બાંગ્લાદેશનો દાવો

ભારતે બાંગ્લાદેશને કહ્યું કે અમે અમારી ધરતીનો ઉપયોગ તમારા વિરુદ્ધ ક્યારેય થવા દીધો નથી

ઢાકા, તા. 14 (PTI): બાંગ્લાદેશના વિદેશ મંત્રાલયે રવિવારે ભારતીય હાઈ કમિશનર પ્રણય વર્માને સમન્સ પાઠવીને પદભ્રષ્ટ વડા પ્રધાન શેખ હસીના દ્વારા આપવામાં આવેલા ઉશ્કેરણીજનક નિવેદનો પર ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી, જે હસીના હાલમાં ભારતમાં છે.

૭૮ વર્ષીય હસીના ગયા વર્ષે ઓગસ્ટમાં વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવેલા હિંસક વિરોધ પ્રદર્શન બાદ ભારત ભાગી ગયા હતા અને હજુ પણ ત્યાં જ રહે છે. માનવતા વિરુદ્ધના ગુનાઓના આરોપોમાં દોષિત ઠેરવ્યા બાદ ગયા મહિને એક ખાસ ટ્રિબ્યુનલ દ્વારા તેમને મૃત્યુદંડની સજા ફટકારવામાં આવી હતી. બાંગ્લાદેશ તેના પ્રત્યાર્પણની માંગ કરી રહ્યું છે. વિદેશ મંત્રાલયે આજે ભારતીય હાઈ કમિશનરને સમન્સ પાઠવીને બાંગ્લાદેશ સરકારની ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી કે ભાગેડુ શેખ હસીના આગામી સંસદીય ચૂંટણીઓને નિષ્ફળ બનાવવા માટે બાંગ્લાદેશમાં આતંકવાદી પ્રવૃત્તિઓમાં સામેલ થવા માટે તેમના સમર્થકોને આહ્વાન કરતા ઉશ્કેરણીજનક નિવેદનો આપે છે અને ભારત તે ચાલુ રાખવા દે છે, એમ વિદેશ મંત્રાલયના એક નિવેદનમાં જણાવાયું છે.

બીજી બાજુ, ભારતે આજે ભારપૂર્વક જણાવ્યું હતું કે તેણે બાંગ્લાદેશના હિત વિરુદ્ધ પ્રવૃત્તિઓ માટે ક્યારેય પોતાની ધરતીનો ઉપયોગ થવા દીધો નથી અને બાંગ્લાદેશમાં

...અનુસંધાન પાના 2 પર

તા. ૧૪-૧૨-૨૦૨૫નું વડોદરા શહેરનું

હવામાન

મહત્તમ	લઘુત્તમ	ભેજ
૩૨.૪° સે.	૧૨.૪° સે.	૮૦%